# સે-૨૧, કુડાસણ અને ચિલોડા ખાતે ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૩

હાલના સમયે આઈપીએલની મેચો ચાલી રહી છે, જેનો પગલે બુકી અને સટ્ટોડીયાઓની સટ્ટાની સિઝનમાં તેજી જોવા મળી રહી છે. ક્રિકેટ રસીયા આઈપીએલની મેચ પર સટ્ટો રમતા પોલીસના હાથે ઝડપાઈ ગયા છે. સેકટર-૨૧, કુડાસણ અને ચિલોડા ખાતે આઈપીએલની મેચ પર સટ્ટો રમતા શખ્સને પોલીસે દબોચી લીધો હતો. પોલીસે ૪ વ્યકિતને પકડી પાડી ૮ સટ્ટોડીયા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જયારે આઈપીએલ શરુ થઈ તે સમયથી જ પોલીસની બાજ નજર ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા સટ્ટોડીયાઓને શોધી રહી છે.

મળતી વિગત મુજબ કુડાસણ પાસે પ્રમુખ આર્કેડ-૨ કોમ્પ્લેક્ષના ભોંયતળીયે આવેલી દુકાનો બહાર ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતો શખ્સ પકડાયો છે. ઈન્ફોસીટી પોલીસે બાતમીને પગલે રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં રેઈડ પાડીને પ્રકાશ શંભુભાઈ પટેલ (ઉં.૨૭ પાટણપુરા માણસા), ઝડપી પાડ્યો હતો.તેની પાસે રહેલા ફોનની એપ મારફતે અન્ય એક શખ્સ સાથે ચેટીંગ ચાલુ હતું. જેમાં ચેન્નઈ સુપર કિંગ્સ અને હૈદરાબાદ વચ્ચેની મેચમાં સટ્ટો ચાલી રહ્યો હતો. પોલીસે મોબાઈલમાં એપ ચેક કરતા તેમાં રૂ.૮૬,૫૫૦ નું બેલેન્સ બતાવતુ હતું. પોલીસે સટ્ટા વિશે પુછતાછ કરતા યુવકે જય ચાવડા ચેનલવાળા પાસેથી લીંક લીધી હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. જયારે જયની ઓફિસ સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે આવેલી છે. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૧૦૯૦ રોકડા, તેમજ ફોન મળીને ૫૦૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી બંને સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં ચિલોડા પોલીસને રાત્રીના પેટ્રોલીંગ સમયે માર્ગ પર ઉભા રહેલા બે શખ્સો ઝડપાયા હતા. જેમાં ઈસનપુર મોટા ગામનો દિનેશ ઉર્ફે કાભઈ જમનાદાસ પટેલ (ઉં.૩૭) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ફોન ચેક કરતા લાઈવ મેચ પર સટ્ટો રમતા હોવાનું ધ્યાને આવ્યું હતું. તેઓ બાપુના નામે સેવ કરેલા નંબર પર સટ્ટો લખાવતા હતા. બાપુ અંગે પુછતાછ કરતા ધણપ ગામના યુવરાજસિંહ ઉર્ફે મોન્ટું ભુપતસિંહ રાણા હોવનું કકહ્યું હતું. પોલીસે બે ફોન અને રૂ.૫૨૦ રોકડા મળીકલુ રૂ.૧૦,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણ સ્ટોડીયાસામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની પાસ હાથ ધરી છે.

જયારે ત્રીજા બનાવમાં સેકટર-૨૧ ના રીંગ રોડ પર આવેલા શોપીગ સેન્ટર પાસેથી રાત્રીના સુમારે પોલીસે એક વ્યકિતને પકડી પાડ્યો હતો. પોલીસે તેનું નામ પુછતા તેણે સુરેશ જીવાભાઈ પટેલ (ઉં.૪૪, રહે.પ્લોટ નં.૫૮૦-૨ મુળ રૂપાલ)હોવાનું સામે આવ્યું હતું.આ શખ્સ પાસે રહેલા મોબાઈલમાં એપ્લિકેશ પર તે સટ્ટો રમી રહ્યો હતો. એક આઈડી રવિ પટેલ અને બીજુ આઈડી કેતન ઠક્કર નામના શખ્સે આપ્યું હતું. પોલીસ રૂ.૪ હજારનો ફોન જપ્ત કરીને ત્રણેય સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મેડીકલ કોલેજમાં ૩૦ જેટલા અધ્યાપક, સહ અધ્યાપકની નિયુક્તીના હુકમો કરવામાં આવ્યા છે.
- ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સૂર્યસિંહ ડાભીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં વધતા જતા કોરોનાના કેસો આજે ટોક ઓફ ધી ટાઉન બન્યા હતા.
- ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી શાલિની દુહાન રજા પર ગયા છે.
- રાજ્ય ચૂંટણી પંચે શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજયની ચૂંટણીના સીમાંકન અંગેના આખરી આદેશો જારી કર્યા છે.
- ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટ લાઈટોના ધાંધિયા વધતાં નગરજનોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




અમે તો પહેલેથી જ કહેતા હતા કે બેટી બચાવો... બેટી બચાવો પણ કોઈએ ગંભીરતાથી ન લીધું...

## ચોરીની રીક્ષા સાથે આરોપી ઝડપાયો

ચિલોડા થી ચોરી થયેલી રીક્ષા સાથે એક યુવકને એલસીબી પોલીસે પકડી પાડ્યો છે. પોલીસે રૂ.૮૦ હજારની રીક્ષા કબ્જે કરી ચિલોડા પોલીસ મથકનો રીક્ષા ચોરીનો ભેદ એલસીબી પોલીસે ઉકેલી દીધો છે. ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ વાય.વાય.ચૌહાણ પેટ્રોલીંગમા હતા. કોન્સ્ટેબલ વિજયસિંહ નવલસિંહને બાતમી મળી હતી કે બે દિવસ પહેલા ચિલોડા ટ્રેકટરના શો રૂમ નજીકથી રીક્ષાની ચોરી થઈ હતી. આ રીક્ષા નં.જી.જે.૧૮.એ.વાય.-૬૨૧૫ ઈસંડના નરેન્દ્ર ભીખાભાઈ સાધુ એ ચોરી કરેલી છે. ચોરીની રીક્ષા સાથે ગીયોડ ગામ આવી રહ્યો છે. જેથી એલસીબી પોલીસે ગીયોડ ગામે જઈને રીક્ષા સાથે આરોપી નરેન્દ્ર ઉર્ફે ટીનો પાયલટ ભીખાભાઈ સાધુને ઝડપી પાડ્યો હતો.

# ચંદ્રાલા ગામમાં આતંક મચાવતા વાંદરાએ ૭ વ્યકિતઓને ઘાયલ કર્યા

### વનતંત્રની મદદથી વાંદરો પાંજરે પુરવામાં આવ્યો : ગ્રામજનોને હાંશકારો

ગાંધીનગર જિલ્લાના ચંદ્રાલા ગામમાં છેલ્લા ચાર પાંચ દિવસથી વાનરોનો આંતક સ્થાનિકો માટે ભયાવહ બન્યો છે. તોફાને ચઢતા વાનરોના



લીધે ગ્રામજનોમાં ફફડાટ પ્રવર્તયો હતો જયારે તોફાની વાંદરાએ અત્યાર સુધી ગામના ૬ થી ૭ વ્યકિતઓને ઘાયલ કરતા વાનરના આતંકથી બચવા માટે સ્થાનિકોએ વનતંત્રને પણ રજુઆત કરી હતી આખરે વનતંત્રએ આ વાનરને પાંજરામાં કેદ કરી લેતા સ્થાનિકોએ હાંશકારો અનુભવ્યો છે.

ગાંધીનગર શહેરમાં પણ છેલ્લા કેટલાક સમયથી વાંદરાનો ત્રાસ વધી ગયો છે.સેકટરોમાં તોફાને ચઢતા વાનરોથી ગૃહીણીઓ પણ પરેશાન છે. વાનરોના તોફાનથી ઘણીવાર નાગરિકો કલાકો સુધી ઘરમાં પુરાયેલા રહ્યા હોવાના પણ દાખલા છે જયારે વાનરને ભગાડવા માટે પણ અનેક નુસખા અજમાવે છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં ધાબે તેમજ રસોડામાં ઘુસી જતા તોફાની વાનરોના લીધે અનેકવાર નાગરિકોને ઈજા થઈ હોવાના કિસ્સાઓ પણ પ્રકાશમાં આવ્યા છે. જયારે ગાંધીનગર જિલ્લાના ગામોમાં પણ વાંદરાઓનુ તોફાના સ્થાનિકો માટે ત્રાસરૂપ બન્યુ છે. જિલ્લાના ચંદ્રાલા ગામમાં છેલ્લા ચાર પાંચ દિવસથી એક વાનરએ આતંક મચાવ્યો હતો જયારે ગામમાં તોફાને ચઢેલા વાનરની આ હરકતથી ગામાન પાંચ થી સાત વ્યકિતઓ પણ ગંભીર રીતે ઘાયલ થયા હોવાથી ગ્રામજનોમાં પણ વાનરના ત્રાસથી ફફડાટ મચી ગયો હતો. આ અંગે સ્થાનિકોએ વનતેત્રને જાણ કરી હતી . જયારે વનતંત્રએ વાંદરાને પાંજરમાં પુરવા માટે પ્રયાસો હાથ ધર્યા હતા વનતંત્રએ વિવિધ બે ઠેકાણે પાંજરા મુકી વાંદરાને કેદ કર્યો હતો. વનતંત્રએ આ વિસ્તારમાં તોફાન મચાવતા વાંદરાને પાંજરામાં કેદ કરી લીધો છે. વાંદરો પાંજરે પુરાતા ગ્રામજનોને પણ રાહત અનુભવી રહ્યા છે.

## મહાત્મા ગાંધીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે વૃક્ષારોપણ કરાયું

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતિ ઉજવણી અંતર્ગત ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર વિવિધ કાર્યો થકી કાર્યક્રમો યોજાયા હતા. જેમાં ગાંધીનગર સ્થિત એ.પી.એમ.સી.ના ચેરમેન અને જાણીતા એડવોકેટ અગ્રણી અશોકભાઈ પટેલના ધર્મપત્ની સુધાબેન પટેલે વૃક્ષારોપણ કરી ઉજવણી કરી હતી.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્ય. બોર્ડ**

**જાહેર નિવિદા**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, જલસેવા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર ખાતે ટ્રાન્સફોર્મર, એચ.ટી. ઓસીબી, એલ.ટી. પેનલ વિગેરેને સર્વિસ કરવાના કામ માટે સરકાર માન્ય રજીસ્ટ્રેશન ધરાવતી એજન્સી પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફી રૂ. ૬૦૦/- પ્રતિ ટેન્ડર બોર્ડની હિસાબી શાખામાં જમા કરાવ્યેથી તા. ૧૨/૧૦/૨૦૨૦ (કચેરી સમય દરમિયાન) સુધીમાં ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ભાવો સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ / સ્પીડ પોસ્ટ મારફતે કાર્યપાલક ઈજનેરશ્રી, મરામત અને નિભાવણી શાખા, ગુ.પા.પુ. અને ગ.વ્ય. બોર્ડ, 'જલસેવાભવન', સેક્ટર-૧૦/એ, ગાંધીનગરને મોડામાં મોડા તા. ૨૦/૧૦/૨૦૨૦ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. વિસ્તૃત વિગતો ઉપરોક્ત સરનામે કચેરી સમય દરમિયાન મેળવી શકાશે.

માહિતી/૧૦૧૩/૨૦-૨૧

